# અરવલ્લી જિલ્લામાં બનતી આકસ્મિક ઘટનાઓનું મોનીટરીંગ પ્રાંત અધિકારીએ કરવું પડશે

## જીલ્લામાં તાલુકા કક્ષાએ બનતી આકસ્મિક ઘટનાઓની જાણ તથા તે અંગેનો અહેવાલ મામલતદાર એ મોકલવાનો રહેશે

મોડાસા તા.૨૯

વર્તમાન સમયમાં ગુજરાત રાજયમાં વરસાદી માહોલ છવાયેલો છે. જે અંતર્ગત અનેક સ્થળોએ આકસ્મિક ઘટનાઓ, દુર્ઘટનાઓ બનતી હોય છે. તો આવા સમયે રાજ્ય સરકાર દ્વારા બનાવ/દુર્ઘટનાના કિસ્સાઓમાં અરવલ્લી જીલ્લાના કંટ્રોલ પર જાણ કરવામાં આવે તેમજ અહેવાલ રજૂ કરવામાં આવે.

જ્યારે કોઈ મોટી દુર્ઘટનાઓ સર્જાઈ હોય ત્યારે ટેલીવિઝન ન્યૂઝ ચેનલના માધ્યમથી આ પ્રકારની ઘટનાઓની જાણ થતી હોય છે. તે સમયે તાલુકા કક્ષાએથી અહેવાલ રજૂ કરવામાં આવે છે. જેથી રાજ્ય કક્ષાએથી રીપોર્ટીંગ કરવામાં વિલંબ થતો હોય છે. જેથી હવે પછી રાજ્ય સરકારની સુચના અનુસાર જીલ્લાના તાલુકાના તમામ મામલતદારશ્રીઓએ તાલુકા કક્ષાએ બનતી ઘટના/બનાવ/દુર્ઘટના અંગે તાલુકા વિકાસ અધિકારીશ્રી/ચીફ ઓફીસરશ્રી સાથે સંકલન કરી તાત્કાલિક લેખિત પ્રાથમિક રીપોર્ટ તેમજ સમય મર્યાદામાં વિગતવાર અહેવાલ (ગુજરાતી તથા અંગ્રેજી) માં મોકલવાની જવાબદારી મામલતદારશ્રીની રહેશે. તેમજ આ અંગેની જરૂરી મોનીટરીંગ પ્રાંત અધિકારીશ્રીની કક્ષાએથી કરવાનું રહેશે.

તેમજ ભવિષ્યમાં આકસ્મિક ઘટના/બનાવ/દુર્ઘટનાઓ અંગે તાલુકા કક્ષાએથી સમયસર માહિતી ન મોકલવાના કારણે કોઈ જવાબદારીના પ્રશ્નો ઉપસ્થિત થશે તો ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ-૨૦૦૩ ની કલમ ૩૮ (૧) (૫) મુજબ આપેલ આદેશનું પાલન કરવાનું રહેશે. પાલન ન કરેલ હોવાનું જાણ થશે તો કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આવી આકસ્મિક દુર્ઘટનાઓ અંગે સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંકઃસીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.૩, તારીખ ૨૫ એપ્રિલ ૨૦૧૫ની જોગવાઈઓ ધ્યાને લઈ આર્થી સહાય મળવા પાત્ર છે કે કેમ? તે ઠરાવની જોગવાઈઓ મુજબ ચકાસણી કરી સ્વયં સ્પષ્ટ અભિપ્રાય સહિતનો અહેવાલ ગ્રામ્ય વિસ્તાર માટે તાલુકા વિકાસ અધિકારીશ્રીએ નાયબ જીલ્લા વિકાસ અધિકારીશ્રીને તેમજ શહેરી વિસ્તાર માટે ચીફ ઓફિસરશ્રીએ મામલતદારશ્રીને મોકલી આપી સમયસર સહાય ચુકવવાની રહેશે.

જેમાં ભવિષ્યમાં કોઈપણ ઘટના/બનાવ/દુર્ઘટના બનવા પામે તો તેની અચૂક જાણ જીલ્લાના કંટ્રોલ રૂમ ખાતે ટેલીફોનીક તથા લેખિતમાં (ગુજરાતી તથા અંગ્રેજીમાં) પ્રાથમિક રીપોર્ટ સહિત તાત્કાલિક કરવાની રહેશે. તેમજ પોલીસ કંટ્રોલરૂમ, ફાયર બ્રિગેડ તથા ૧૦૮ ઈમરજન્સી સર્વિસ દ્વારા પણ કોઈ ઘટના/બનાવો અંગેની પ્રાથમિક માહિતી જાણ જીલ્લાના કંટ્રોલરૂમ નંબર-૦૨૭૭૪-૨૫૦૨૨૧ પર કરવાની રહેશે.

# અમલાઈ આંગણવાડી કેન્દ્રમાં પોષણમાહની ઉજવણી કરાઈ



બાયડ( બ્યુરો ઓફીસ)તા.૨૯

મોડાસા તાલુકાની અમલાઈ આંગણવાડી કેન્દ્ર માં પોષણ માહની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં પોગ્રામ ઓફિસર સમીર પટેલ તેમજ સેજાના આંગણવાડી કેન્દ્રો ની કાર્યકર બહેનો ઉપસ્થિત રહી હતી.

પ્રોગ્રામ ઓફિસરશ્રી માર્ગદર્શન હેઠળ પોષણ માહ અંતર્ગત પૂર્ણા દિવસની ઉજવણી પ્રસંગે પૂર્ણાશક્તિ માંથી બનાવેલ વિવિધ વાનગીઓની કિશોરીઓ દ્વારા વાનગી હરીફાઈ યોજવામાં આવી તેની સાથે હેન્ડવોશીંગ હરીફાઈ પણ યોજવામાં આવી હતી.જેમાં ભાગ લેનાર કિશોરીઓને પ્રોત્સાહક ઈનામ વિતરણ કરવામાં આવ્યુ.. ઉજવણી દરમ્યાન જિલ્લા પંચાયતના આઈ.સી.ડી.એસ શાખામાંથી પ્રોગ્રામ આસિસ્ટન્ટ ભૂમિબેન પંડ્યા , પૂર્ણા કન્સલ્ટન્ટ પદમીનીબેન પટેલ તથા સેજાના સુપરવાઈઝર મિત્તલબેન પટેલ હાજર રહ્યા આ ઉપરાંત કાર્યકર બહેનો અને લાભાર્થીઓ પણ હાજર રહ્યા હતા.

# મોડાસા ચાર રસ્તા પોલીસ ચોકી પાસે વૃક્ષ તૂટી પડ્યું : ૪ વાહનો સહિત ૨ કેબિન વૃક્ષ નીચે દબાયા

મોડાસા તા.૨૯

મોડાસા ચારરસ્તા પોલીસ ચોકી પાસે બુધવારે સવારે વર્ષો જૂનું આંબલીનું વૃક્ષ ઓચિંતું તૂટી પડતાં અફડા તફડી મચી હતી.ચાર વાહનો તેમજ ૨ ગલ્લા કેબિન વૃક્ષ નીચે દબાઈ જતાં સ્થાનિક પોલીસ તેમજ ફાયરની ટીમ ઘટના સ્થળે દોડી આવી ધરાશાઈ વૃક્ષને હટાવવાની કામગીરી કરી હતી.જોકે વૃક્ષ તૂટી પડવાના હાદસમાં કોઈ જાનહાનિ થઈ ન હોવાથી સૌ એ રાહત અનુભવી છે.





ચોમાસામાં પડવાના વાંકે ઉભાં વૃક્ષોનું દેખીતું જોખમ છતાં શહેરી વિસ્તારોમાં જોખમી વૃક્ષો હટાવવામાં આવ્યા ન હોવાથી રાહદારીઓ તેમજ વેપારીઓના માથે જીવનું જોખમ છે.ગત રોજ રાહદારી અને વાહનોની અવરજવર થી ધમધમતા મોડાસાના ચારરસ્તા પોલીસ ચોકી પાસે વૃક્ષ એકાએક ધરાશાઈ થતાં નાસભાગ મચી હતી.વૃક્ષ નીચે વાહનો તેમજ કેબિન દબાઈ જતા નુકસાન પહોચ્યું છે.હજુ પણ શહેરના અનેક વિસ્તારોમાં પડું પડું થતાં વૃક્ષો ઉભાં છે જેથી સામાન્ય વરસાદ કે વાવાઝોડાની સ્થિતિમાં મોટું જોખમ યથાવત રહ્યું છે.પાલિકા અને જવાબદાર તંત્ર દ્વારા જોખમી જણાતા વૃક્ષ દુર કરવામાં નહી આવે તો હજુ આ પ્રકારની ઘટનાઓ માં કોઈ રાહદારી કે વાહન ચાલકોને જીવ છીનવાઈ જવાની દહેશત છે.

# સાબરકાંઠા - અરવલ્લીમાં જિલ્લામાં શાકભાજીના ભાવ બેકાબુ...!!

### શાકભાજી પકવતા ખેડૂતો પાયમાલ, છૂટક વેપારીઓ માલામાલ

સરડોઈ તા.૨૯

સાબરકાંઠા - અરવલ્લી જિલ્લામાં ચોમાસાની સીઝન માં શાકભાજીના ભાવ બેકાબુ બન્યા છે.ઘર આંગણે શાકભાજી પકવતા ખેડૂતો ઓછા ભાવથી પાયમાલ બની રહ્યા છે ત્યાં છૂટક વેપારીઓ બેફામ ભાવ વસૂલી રહ્યા છે.જેના કારણે ઘરનાં બજેટ ખોરવાયા છે.જિલ્લામાં છૂટક શાકભાજીના ભાવમાં કિલો એ રૂ.૮ થી ૧૩નો વધારો ગૃહિણીઓ માટે અસહ્ય થયો છે.



દરવર્ષે ચોમાસામાં શાકભાજીના ભાવ બેકાબુ બનતા હોય છે.સતત વરસાદની સ્થિતિ માં ટ્રાન્સપોર્ટ ને અસર થતી હોય મોટા ભાગના વિસ્તારોમાં આવક ઘટતી હોવાથી ભાવ ને અસર થાય છે જિલ્લામાં અન્ય રાજ્યોમાંથી રોજ ટનબંધ શાકભાજી શાક બજારમાં ઠલવાય છે.આ ઉપરાંત સ્થાનિક ખેડૂતો પણ ઉત્પાદન કરેલ શાકભાજી હોલસેલ બજારમાં વેચતા હોય છે પરંતુ તેમને પૂરતો ભાવ મળતો નથી જ્યારે આવક ઓછી હોવાના નામે છૂટક વેપારીઓ મરજી મુજબ શાકભાજીના ભાવ ખંખેરી લેતા હોય છે.જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી થી અન્ય રાજ્યોમાં વરસાદની સ્થિતિ છે.જેના કારણે શાકભાજી ભરીને આવતા વાહનો રસ્તામાં અટવાયા હોવાથી વેપારીઓ ને ભાવ વધારવાનું બહાનું મળી ગયું છે.એક તરફ સ્થાનિક ખેડૂતો પોષણક્ષમ ભાવ માટે રડી રહ્યા છે ત્યાં છૂટક બજારમાં વેપારીઓ શાકભાજીના વધુ ભાવ વસૂલવા લાગ્યા છે.

# પ્રાંતિજના વેપારીએ અગમ્ય કારણોસર કેનાલમાં પડી જીવનલીલાનો અંત આણ્યો

પ્રાંતિજ તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના વેપારીએ અગમ્ય કારણોસર કેનાલમાં પડી જીવન લીલાનો અંત આણ્યો.



પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન સ્વામિવેવેકાનંદ કોમ્પલેક્ષ મા આવેલ સૃષ્ટી ઝેરોક્ષ ના માલિક અને પ્રાંતિજ કુંભારવાસ ખાતે રહેતા પ્રજાપતિ ધવલભાઈ ચીમનભાઈ ઉ.વર્ષ-૩૫ કે જેવો પ્રાંતિજ થી પોતાની પત્ની ને બાઈક લઈ ને ચિલોડા ખાતે આવેલ તેવોની સાસરીમા મુકવા ગયા હતા અને પત્ની સાસરીમા મુકી ને તેવો નિકળી ગયા હતા અને ત્યાંથી નરોડા રણાસણ પાસે આવેલ લીમડીયા કેનાલ પાસે બાઈક લઈ ને ગયા હતા અને તેવોએ પોતાની પત્ની ને મેસેજ કર્યો હોવા નુ પણ લોકમુખે જાણવા મલ્યુ છે અને તેવો કોઈ અગમ્ય કારણોસર કેનાલ મા પડી જીવન લીલા નો અંત આણ્યો હતો.

**નરોડા રણાસણ પાસે આવેલ લીમડીયા કેનામા પડીને મોતને વ્હાલુ કર્યુ : ૩૫ વર્ષના સૃષ્ટી ઝેરોક્ષના માલિકે કેનાલમાં પડી જીવન લીલાનો અંત આણ્યોઃ અગમ્ય કારણોસર જીવન લીલાનો અંત આણ્યો.**

# જન્મદિને વધામણી



જયેશ બી.પરમાર
શ્રીનાથજી પાર્ક
બાયડ



પ્રકાશ ભાઈ ખત્રી
ધનસુરા



શેતલ ડી.પટેલ
ડેમાઈ તા. બાયડ



તુષાર વાળંદ
આકૃંદ તા.ધનસુરા



ડો. હાર્દિકભાઈ
એસ.પટેલ
બંસી લેબોરેટરી
બાયડ જી.અરવલ્લી



હિરેન હરેશભાઈ સોની
બાયડ જી.અરવલ્લી



ધવલ દરજી
રોનક મેચિંગ સેન્ટર
બાયડ જી.અરવલ્લી

# પ્રાંતિજ ભાંખરીયા તળાવ પાસે એક જુગારીને પ્રાંતિજ પોલીસે ઝડપી પાડયો

પ્રાંતિજ તા.૨૯

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના ભાંખરીયા તળાવ પાસે ખુલ્લી જગ્યામા ગંજીપાના નો જુગાર રમતા ત્રણ જુગારીઓ માંથી પ્રાંતિજ પોલીસે એક જુગારી ને ઝડપી પાડયો હતો તો પોલીસ જોતાંજ બે જુગારીઓ ભાગી ગયા તો પોલીસ દ્વારા ત્રણેય વિરૂધ્ધ ગુનોનોંધી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાંતિજ પોલીસ પ્રાંતિજ ટાઉન વિસ્તાર મા ખાનગી વાહન મા પેટ્રોલિંગ મા હતી તે દરમ્યાન બાતમી મળી કે પ્રાંતિજ ના ભાંખરીયા ટેકરા તળાવ ની બાજુમા ખુલ્લી જગ્યામા કેટલાક માણસો હારજીત નો જુગાર રમે છે જેને લઈ ને પ્રાંતિજ પોલીસ દ્વારા એ જગ્યા પાસે જઈ ને થોડે દુર થી ચાલતા જઈ ને તપાસ કરતા ત્રણ ઈસમો જુગાર રમતા હતા અને પોલીસ ને જોતાંજ બે જુગારીઓ ભાગી ગયા હતા તો પ્રાંતિજ પોલીસે અનિલ ગેમાભાઈ વાઘેલા ને ઝડપી પાડયો હતો તો પકાયેલ જુગારી ની અંગજડતી માથી ૩૬૦ તથા દાવની રકમ ૨૨૦ મળી કુલ-૫૮૦ ગંજીપાના સહિત નો મુદામાલ સાથે અનિલભાઈ ગેમાભાઈ વાઘેલા ને ઝડપી પાડયો હતો તો કેતન ભાઈ રમેશભાઈ વાઘેલા તથા રોહિત ભાઈ સતિષભાઈ વાઘેલ બન્ને રહે. ભાંખરીયા ટેકરા બન્ને જણ પોલીસ ને જોતાંજ ભાગી ગયા હતા તો પ્રાંતિજ પોલીસે ત્રણેય વિરૂધ્ધ જુગાર ધારા કલમ-૧૨ મુજબ ગુનો નોધી આગળ ની કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી.

# એસ.ટી.બસના કર્મચારીઓ આક્રમક મુડમાં

# ભિલોડા એસ.ટી.બસ ડેપોના કર્મચારીઓએ પડતર પ્રશ્નો સંદર્ભે સુત્રોચ્ચાર પોકાર્યા

### કર્મચારીઓની માસ સી.એલ પર ઉતારવાની ગર્ભિત ચીમકી ઉચ્ચારી

ભિલોડા,તા.૨૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મથક ખાતે એસ.ટી.બસના કર્મચારીઓ આક્રમક મુડમાં જોવા મળ્યા હતા.હિંમતનગર ડિવિઝનના એસ.ટી.બસ ડેપોના કર્મચારીઓના પડતર પ્રશ્નો હલ ન કરાતા ભિલોડા એસ.ટી.બસ ડેપોના કર્મચારીઓએ જોરશોરથી સુત્રોચ્ચાર પોકાર્યા હતા.અને વર્ષો જુના પડતર પ્રશ્નો અને માંગણીઓ સત્વરે પૂર્ણ કરવાની બુલંદ માંગણી કરાઈ હતી.

એસ.ટી વિભાગના કર્મચારીઓએ જણાવ્યું હતું કે તા.૧-૧૦-૨૦૨૧ સુધી વિવિધ પ્રકારના કાર્યક્રમો યથાવત રાખવા માટે નક્કી કર્યુ છે.અત્રે ઉલ્લેખનીય છે કે તા.૪-૧૦-૨૦૨૧ થી તા.૭-૧૦-૨૦૨૧ દરમ્યાન કર્મચારીઓની ૨૦ થી વધુ પડતર માંગણીઓ સંદર્ભે રીષેશના સમયગાળામાં ધંટનાદ કરશે તેમ જણાવ્યું હતું.



જી.એસ.આર.ટી.સી દ્વારા સંચાલિત ગુજરાત રાજ્યના તમામ એસ.ટી.બસ ડેપોમાં ફરજ બજાવતા વર્ગ-૪ તેમજ તમામ કર્મચારીઓની પડતર માંગણીઓ સંદર્ભે આજ દિન સુધીમાં કોઈ પણ નિકાલ ન આવતા એસ.ટી કર્મચારીઓના વિવિધ સંગઠનો ની બનેલ સંકલન સમિતિ દ્વારા આગામી સમયમાં અનેક કાર્યક્રમોનું ભગીરથ આયોજન કર્યુ છે.

ભિલોડા એસ.ટી.બસ સ્ટેશનના મુખ્ય પ્રવેશ દ્વાર આગળ કર્મચારીઓએ સુત્રોચ્ચાર પોકાર્યા હતા.અને વર્ષો જુના પડતર પ્રશ્નો એસ.ટી ના કર્મચારીઓની પડતર માંગણીઓ સંદર્ભે યોગ્ય નિર્ણય નહીં આવે તો સમગ્ર ગુજરાત રાજ્યમાં એસ.ટી બસ ના પૈડાં થંભી જશે તેવી સંભાવના વ્યકત કરાઈ હતી.મુસાફરોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવશે તેવા ભણકારા વાગી રહ્યા છે. ગુજરાત રાજ્ય એસ.ટી સંકલન સમિતિ દ્વારા તા.૭-૧૦-૨૦૨૧ ને ગુરૂવારના રોજ મધ્ય રાત્રે ૧૨:૦૦ વાગ્યે થી માસ સી.એલ પર કર્મચારીઓએ ઉતરવાની ગર્ભિત ચીમકી ઉચ્ચારી હતી.

# ધાનેરા પૂર્વ પાલિકા પ્રમુખ અને ભાજપ સદસ્ય વચ્ચે બોલાચાલી થતા ફરિયાદ નોંધાઈ

ધાનેરા, તા. ૨૯

ધાનેરા નગરપાલિકા વોર્ડ નંબર ચાર ની પેટા ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે વોર્ડ નંબર ૪ માંથી ૨૫૨ જેટલા મતદારો નું નામ કમી થઈ જતા ભારે ગરમાવો જોવા મળે છે અને ધાનેરા નગરપાલિકાના કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને ભાજપના સદસ્ય વચ્ચે બોલાચાલી થતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ધાનેરા નગરપાલિકાના પ્રમુખ જગલબેન કાનાજી ઠાકોર નું અવસાન થતાં વોર્ડ નંબર ચાર ની તારીખ ૩.૧૦.૨૦૨૧ ના રોજ પેટા ચૂંટણી યોજાવા જઈ રહી છે જેમાં ભાજપમાંથી ભુરીબેન પરમાર કોંગ્રેસમાંથી ઈન્દુબેન બળવંત ઠાકોર તેમજ આમ આદમી પાર્ટીના ઉમેદવાર ત્રણ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે પરંતુ જેમ-જેમ ચૂંટણી નજીક આવી રહી છે તેમ તેમ રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે વોર્ડ નંબર ૪ ના મતદારોની યાદી માંથી ૨૫૨ જેટલા મતદારોના નામ કમી થઈ જતા આજે નગરપાલિકા ખાતે ભારે ગરમાઓ જોવા મળ્યો હતો તો બીજી તરફ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ બળવંતભાઈ બારોટ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યા હતા કે ભાજપના ઉમેદવારો દ્વારા જાણી જોઈને આ નામો રદ કરવામાં આવ્યા છે અને મતદાતાઓ સાથે ચિટિંગ કરવામાં આવ્યુ છે પૂર્વ પ્રમુખે ચીમકી પણ ઉચ્ચારી હતી કે જો આ મતદાતાઓનું નામ વોર્ડ નંબર ચાર ની મતદાર યાદીમાં લેવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે. સમગ્ર બાબતે પહેલી ચૂંટણી અધિકારી નો સંપર્ક કરતાં ચૂંટણી અધિકારીએ પણ જણાવ્યું હતું કે ટેક્નિકલ ભૂલના કારણે ૨૫૨ જેટલા મતદાતાઓ નું નામ રહી ગયું છે અને તે બાબતની જાણ નગરપાલિકા દ્વારા અમારી કચેરીએ કરતા અમારા દ્વારા રાજ્ય ચૂંટણીપંચને તમામ કાગળ મોકલી કાર્યવાહી કરેલ છે મતદાર યાદીમાંથી નામ રદ થઈ જતા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ બળવંતભાઈ બારોટ અને ભાજપના સદસ્ય હિરાલાલ ઠક્કર વચ્ચે બોલાચાલી થતા હિરાલાલ ઠક્કર એ ધાનેરા પોલીસ મથકમાં પાલિકાના પૂર્વ પ્રમુખ બળવંતભાઈ બારોટ સામે ફરિયાદ નોંધાવી કાયદેસરની કાર્યવાહી કરવા માટેની માંગ કરી છે તો બીજી તરફ કોંગ્રેસના બળવંતભાઈ બારોટ એ પણ ભાજપના સદસ્યો પણ આક્ષેપ લગાવે છે અને મતદારયાદીમાંથી જાણી જોઈને નામ રદ કરવાના આરોપ લગાવ્યા છે ૨૫૨ મતદારોના નામ મતદાર યાદીમાંથી રદ થઈ જતાં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે બબાલ ચાલી રહી છે પરંતુ આવનારી પેટા ચૂંટણીમાં આ ૨૫૨ મતદાતાઓ મતદાન કરી શકશે કે નહીં તે એક મોટો સવાલ ઉભો થયો છે.

# બાપલામાં વીજ કરંટ થી મૃત્યુ પામનાર પરિવારને સહાય ચુકવવા માંગ

ધાનેરા, તા. ૨૯

ધાનેરા તાલુકાના બાપલામાં તા. ૭/૯/૨૦૨૧ ના રોજ રંજનબેન રગાભાઈ લૂહાર ઉ. વ. ૨૦ કપડાં ધોઈ શુકવવાં જતાં વીજ કરંન્ટ લાગવાથી પ્યારીબેન રગાભાઈ લૂહાર ઉ.વ. ૪૫ પોતાની લાડકવાયી પુત્રી ને લાકડી ના સહારે બચાવવાં જતાં તેઓ પણ વીજ કરંટ ના સંપર્ક માં આવતાં માતા અને પુત્રી નું મોત નીપજ્યું હતું. જેની ચર્ચા શોશીયલ મીડિયામાં વાયરલ થતાં ગામના દરેક સમાજના આગેવાનો આવી પાંથાવાડા ખાતે જાણ કરતાં યુ. જીવીસીએલ ના અધિકારીઓ આવી તત્કાલ વીજફોલ્ટ દૂર કરી માતા પુત્રી થી શોર્ટ સર્કીટ વીજ વાયર દૂર કરી માતા અને પુત્રી ની લાશ ને પી. એમ. અર્થે મોકલી હતી જેની જાણ પાંથાવાડા માર્કેટ યાર્ડ ના ચેરમેન શ્રી રેસાભાઈ પટેલ અને ધાનેરા ના ધારાસભ્ય શ્રી નાથાભાઈ પટેલ ને થતાં તેઓ પણ લૂહાર પરિવાર ની મદદે આવી સ્થાનિક યુ જી વી સી એલ ને તત્કાળ સહાય ચૂકવા અનુરોધ કરેલ હતો પરંતુ આજદિન સુધી વીજ કંપની તરફ થી કે રાજ્ય સરકાર તરફ થી કોઈ સહાય ન મળવાથી પરિવાર ઉપર મોટી આફત આવી પડી છે. ગ્રામ જનો તરફથી પણ કલેકટર શ્રી બનાસકાંઠા અને રાજ્ય સરકાર માં બેઠેલા પ્રજા ના પ્રતિનિધી ઓને આવેદન આપી વહેલી તકે લૂહાર પરીવાર ને શહાય ચૂકવવા ની માંગ કરી છે.

# મોડાસા : ચાર રસ્તા પોલીસ ચોકી નજીક વર્ષોથી અડીખમ વૃક્ષ ધરાશાયી થતા અફરાતફરી

અરવલ્લી જીલ્લામાં મેઘરાજાએ ધબધબાટી બોલાવી છે મોડાસા શહેરના હાર્દસમા ચાર રસ્તા પોલીસ ચોકી નજીક વર્ષોજૂનું આંબલીનું ઝાડ અચાનક ધરાશાયી થતા ભારે અફડાતફડી મચી હતી વૃક્ષ ધરાશાયી થઈ ચાર રસ્તા પર રહેલા કેબિનો પર અને પાર્ક કરેલ વાહનો પર ખાબકતા ભારે નુકશાન થયું હતું કેબીનધારકો અને લોકો આમલીનું ઝાડ ધરાશાયી થતું જોઈ સમયસૂચકતા વાપરી ખસી જતા આબાદ બચાવ થયો હતો વીજડીપી પર ઝાડ પડતા વીજડીપીને નુકશાન થતા વીજ પુરવઠો ખોરવાયો હતો વીજળીડૂલ થતા વીજકર્મીઓ સમારકામ હાથધર્યુ હતું વૃક્ષ ધરાશાયી થતા સમગ્ર વિસ્તારમાં ૫ કલાકથી વધુ સમય વીજ પુરવઠો ખોરવાતા વેપારીઓ અને લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા મોડાસા ચાર રસ્તા થી પોસ્ટ ઓફીસ સુધી ત્રણ જેટલા વિશાળકાય વૃક્ષ ગમે તે ઘડીએ તૂટી પડે તેવી સ્થિતીમાં હોવાથી ઉતારી લેવામાં આવેની માંગ પ્રબળ બની છે

બુધવારે સવારે ચાર રસ્તા પોલીસચોકી નજીક આવેલ વર્ષો જૂનું આંબલીનું ઝાડ ધડાકાભેર અવાજ સાથે કકડભૂસ થઈ જમીનદોસ્ત થતા ભારે અફડાતફડી મચી હતી ઝાડ નીચે કેબીનમાં ધંધો રોજગાર કરતા વેપારીઓ અને લોકો જીવ બચાવવા સલામત જગ્યાએ ખસી જતા જાનહાની ટળી હતી વૃક્ષ ધરાશાયી થતા નજીકમાં રહેલી વીજડીપી અને બે વીજપોલ તૂટી જતા વીજપુરવઠો ખોરવાયો હતો વૃક્ષ ધરાશાયી થતા ચાર રસ્તા થી મુખ્ય બજારનો રોડ બંધ થઈ ગયો હતો નગરપાલિકા ફાયરબ્રિગેડની ટીમ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ધરાશાયી ઝાડને રસ્તા પરથી દૂર કરવાની કામગીરી હાથધરી હતી.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન